ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગર

જાહેરાત ક્રમાંક ૨/૨૦૨૧-૨૨ સ્ટાફ નર્સ સંવર્ગની તા.૧૩-૦૩-૨૦૨૨ ના રોજ યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાના પ્રશ્નપત્રની પ્રોવીઝનલ આન્સર કી પ્રસિધ્ધી અંગેની જાહેરાત

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા જાહેરાત ક્રમાંકઃ- ૨/૨૦૨૧-૨૨ સ્ટાફ નર્સ સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૧૩-૦૩-૨૦૨૨ ના રોજ યોજાયેલ હતી, જેના પ્રશ્નપત્રની "પ્રોવીઝનલ આન્સર કી" મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે.જે ઉમેદવારોએ ધ્યાનમાં લેવા જણાવવામાં આવે છે.

સદર પ્રોવીઝનલ આન્સર કી સામેના ઉમદવારોનાં વાંધા સૂચનો જરૂરી આધાર પુરાવા સાથે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ , કર્મયોગી ભવન ,સેકટર -૧૦/એ , બ્લોક નંબર- ૨, સી વીંગ, પાંચમો માળ, ગાંધીનગર -૩૮૨૦૧૦ ખાતે મોડામા મોડા તા.૨૪-૦૩-૨૦૨૨ સુધી રુબરુમાં અથવા રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી ધ્વારા કચેરી કામકાજના દિવસો/સમય દરમ્યાન મળી જાય તે રીતે પહોચાડવાના રહેશે. નિયત સમયમર્યાદા બાદ મળેલ વાંધા-સૂચનો મંડળ દ્વારા વિચારણામાં લેવામાં આવશે નહિ, જેની ઉમેદવારોએ નોંધ લેવી.

વિશેષ સુચનાઃ-

(૧) પ્રોવીઝનલ આન્સર કી સામેના વાંધા સુચન રજુ કરવાનો નમુનો મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in/download ઉપર ડાઉનલોડ મેનુ માં મુકવામાં આવેલ છે,જેનો ઉપયોગ કરવો.

(૨) એક પ્રશ્ન માટે એક જ વાંધા સુચન પત્રક વાપરવું. એક જ વાંધા સુચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજુઆત હશે તો તેવા વાંધા સુચનો મંડળ ધ્વારા ધ્યાને લેવામાં આવશે નહિ.

(૩) પ્રોવીઝનલ આન્સર કી સામેના વાંધા-સુચન/રજુઆત સાથે તે અંગેના આધાર પુરાવાની નકલ અચુક સામેલ રાખવી.

(૪) પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ પ્રોવીઝનલ આન્સર કી સામેના વાંધા સુચન રજુ કરી શકશે

"મંડળના આદેશાનુસાર" સહી/-

તા. ૧૫/૩/૨૦૨૨ સચિવ